# બાયડના સુંદરપુરામાં પાટીદારોના સ્નેહ સંમેલનમાં પાંખી હાજરી

## ઉત્તર ગુજરાતના મોટાભાગના કન્વીનરો ઉપસ્થિત : લાલજી પટેલે સરકાર સાથે ચાલતી મંત્રણા નકારી કાઢી : અનામત મેળવવાની હાંકલ, પાટીદારોની વાત સ્વીકારાય તો જ સમાધાન : ૧૭ એપ્રિલે જેલભરો આંદોલનમાં ઉમટી પડવા હાંકલ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં પાટીદાર અનામત આંદોલનના એ.પી. સેન્ટર ગણાતા બાયડ તાલુકાના સુંદરપુરા ગામમાં રવિવારે સરદાર પટેલ સેવાદળ દ્વારા સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેલા પાટીદારોને ૧૭ એપ્રિલે મહેસાણા ખાતે યોજાનાર જેલભરો આંદોલનમાં મોટી સંખ્યામાં ઉમટી પડવા આહવાન કરતા આવનારી ૧૭ એપ્રિલે પાટીદારો અને સરકાર વચ્ચે વિગ્રહ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

રવિવારે બાયડ તાલુકાના સુંદરપુરા ગામમાં એસ.પી.જી.ના અધ્યક્ષ લાલજી પટેલ સહિત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પાટીદારો સ્નેહ સંમેલનમાં ઉપસ્થિત રહેવાના અણસારથી અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ તંત્ર દ્વારા શાંતિપુર્ણ માહોલ વચ્ચે સ્નેહમિલન યોજાય તે માટે સજ્જ બની ગયા હતા. સુંદરપુરામાં અરવલ્લી જિલ્લાના ૧૮૨ ગામોમાંથી મોટી સંખ્યામાં પાટીદારો ઉમટી પડવાની સંભાવના વચ્ચે યોજાયેલા સ્નેહ મિલનમાં પાટીદારોની સંખ્યા પ્રમાણમાં ઓછી જોવા મળી હતી. એસપીજી ગ્રુપના અધ્યક્ષ લાલજી પટેલે સ્નેહ સંમેલનમાં પાટીદારોને જણાવ્યું હતું કે સરકાર સાથે આંદોલન મુદ્દે કોઈપણ પ્રકારની મંત્રણા ચાલતી હોવાની વાતને નકારી દેવામાં આવી હતી. તેમજ લાલજી પટેલ અને ઉત્તર ગુજરાતના કન્વીનરોએ અનામત મેળવવા અને સરકારનુ નાક દબાવવા ૧૭ એપ્રિલે પાટીદારોની માંગણીઓ જેવી કે અનામત આંદોલનમાં પુરાઈ રહેલા પાટીદાર યુવાનોને જેલમાંથી જલ્દીથી છોડવામાં આવે તેમજ પાટીદારોની માંગણીઓ સંતોષવા માટે યોજાયેલા જેલભરો આંદોલનમાં પાટીદાર સમાજના યુવાનો મહિલાઓ અને વડીલોએ મોટી સંખ્યામાં મહેસાણા ઉમટી પડવા હાંકલ કરી હતી.



સ્નેહમિલન સમારોહમાં પાટીદારો ઉમટી પડ્યા હતા. એસપીજી ગ્રુપ દ્વારા યોજાયેલા સ્નેહ સંમેલનમાં અપેક્ષા કરતા પાટીદારોની હાજરી પ્રમાણમાં ખુબજ ઓછી જોવા મળી હતી. એસપીજીના અધ્યક્ષો

સુંદરપુરામાં યોજાયેલા સ્નેહમિલનમાં મોટી સંખ્યામાં અરવલ્લી જિલ્લાના પાટીદારો ઉમટી પડ્યા હતા. આગામી સમયમાં ગુજરાત રાજ્યમાં ફરીથી પાટીદાર અનામત આંદોલન ઉગ્ર બનવાની અને સરકાર અને પાટીદારો વચ્ચે ઘર્ષણ પેદા થવાની સ્થિતિ સર્જાઈ રહી હોય તેવુ જણાઈ રહ્યું છે. અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્રએ સ્નેહમિલન શાંતિપૂર્ણ થતાં હાશકારો અનુભવ્યો હતો.જ્યારે ગુજરાત રાજ્ય સરકાર પાટીદારોની પાંખી હાજરીને લઈને મનમાં મલકાતી હોય તો નવાઈ નહી ?

# મેઘરજમાં પીધેલા કારચાલકે ઉભેલા ટ્રકને ટક્કર મારતાં ૪ને ગંભીર ઈજાઓ

મેઘરજ, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં સાબરકાંઠા બેંક પાસે ઉભેલા ટ્રકને પીધેલી હાલતમાં કાર ચલાવતા ચાલકે ટક્કર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાતા કારની અંદર દારૂ પીધેલી હાલતમાં બેઠેલા ૩ ઈસમોને ગંભીર ઈજાઓ પહોંચી હતી જ્યારે અંદર બેઠેલા ૪ વર્ષના બાળકને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી.



પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ નગરમાં સાબરકાંઠા બેંક પાસે ઉભેલા ટ્રક નં. જીજે૧.૨૪.યુ.૪૦૨ને રાજસ્થાન બાજુથી પુર ઝડપે આવતી ઈઓન કાર નં. જીજે૨૩. એએફ.૨૪૧૭ના કારચાલકે પુર ઝડપે ટક્કર મારતા કારમાં બેઠેલા એક નાના છોકરા સહિત ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારે આ અકસ્માતને જોઈ આજુબાજુના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા અને ત્યાર બાદ તાત્કાલીક ૧૦૮ને ફઓન કરતા તાબડતોડ ૧૦૮ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતમાં ઘવાયેલા લોકોને સારવાર અર્થે સાર્વજનીક હોસ્પિટલ વાસણા ખાતે ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં ગંભીર રીતે ઘવાયેલ એક ઈસમ ગોલ્ડીભાઈને નાક અને મોઢામાંથી લોહી નીકળતુ હોવાથી તેને વધુ સારવાર અર્થે વાસણા સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા ખાતે રીફર કરવામાં આવ્યો હતો.

આ ઘટના બાદ પોલીસ દ્વારા આ ગાડીની અંદર તપાસ કરતા ગાડીના અંદરથી એક બોટલ રોયલ સ્ટેંગ અને એક બોટલ બીયરની મળી આવતા પોલીસે આ દારૂની બોટલો અને ગાડીને જપ્ત કરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય તો એ છે કે મેઘરજ તાલુકો રાજસ્થાનની સરહદે હોઈ અને મેઘરજ પોલીસની રહેમ નજર હેઠળ અને આવા દારૂ પીધેલ હાલતમાં ગાડી ચલાવનાર ઈસમોની કોઈપણ પ્રકારની રોકટોક ન કરતા આવી ઘટનાઓ સર્જાય છે. અને સાથે સાથે મેઘરજ નગરમાં ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે અને મેઘરજ શહેરમાં ટ્રાફિક પોલીસ કયાં પણ જોવા મળતી નથી અને મેઘરજ પોલીસ આવા અકસ્માતો શાંતિથી નીહાળતી હોય તેવું લાહી રહ્યું છે.

ઈજા પામેલ વ્યક્તિઓમાં ભાવિક મોહનભાઈ પ્રજાપતિ, ઉં. વ. આ ૩૪ રહે. નિકોલ અમદાવાદ, સાજીદ કરનલ ઉં.વ. આ ૩૨, રહે. અમદાવાદ, ગોલ્ડીભાઈ હાલ રહે. અમદાવાદ, નિરજ કનોજીયા રહે. અમદાવાદ, ઉં.વ. આ. ૫ વર્ષ.

# ખેરાલુના વિઠોડા કમળાબેન બાબુલાલ શાહ અનુપમ પ્રાથમિક શાળાનો શતાબ્દી મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૧૦

મહેસાણા જિલ્લાના ખેરાલુના વિઠોડા ગામની કમળાબેન બાબુલાલ શાહ અનુપમ પ્રાથમિક શાળાની શતાબ્દિ મહોત્સવ રાજ્ય શિક્ષણ મંત્રી નાનુભાઈ વાનાણી અને સંસદીય સચિવ ભરતસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. શતાબ્દિ મહોત્સવ પ્રસંગે શાળાના નવીન મકાનનું લોકાર્પણ તેમજ ગામના ટ્રસ્ટ સંચાલિત દવાખાનાનો રજત જયંતિ મહોત્સવ યોજાયો હતો.



વિઠોડા ગામની શાળાને રાજ્યમાં ચાલતા સ્માર્ટ સ્કૂલ પ્રોજેક્ટ અંતર્ગત ઈ-સ્કૂલ, સ્માર્ટ ક્લાસ રૂમનું લોકાર્પણ મંત્રી નાનુભાઈ વાનાણી દ્વારા કરાયુ હતુ. આ ઉપરાંત ટ્રસ્ટ સંચાલિત જીવન જ્યોત હોસ્પિટલના રજત જયંતિ મહોત્સવ પ્રસંગે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

રાજ્યના સ્માર્ટ સ્કૂલ પ્રોજેક્ટ અંતર્ગત વિઠોડા ગામની શાળામાં ૪૨ કોમ્પ્યુટર ધરાવતી આધુનિક કોમ્પ્યુટર લેબ, પ્રાર્થના હોલ, દરેક વર્ગમાં ૪૨ ઈંચના એલઈડી દ્વારા બાળકોને ઉત્તમ શિણ પુરૂ પાડવામાં આવશે. આ ઉપરાંત બાળકોને વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થાય તે માટે આધુનિક અબ્દુલ કલામ વિજ્ઞાન પ્રયોગશાળાનું નિર્માણ કરાયુંછે. ગામની આ સરકારી શાળામાં શિક્ષકો દ્વારા જવાહર નવોદય, શિષ્યવૃત્તિની પરીક્ષા માટે કોચીંગની વિનામુલ્યે સુવિધા આપવામાં આવે છે. બાળકોને કોમ્પ્યુટરનું મફત શિક્ષણ, બાયસેગ શિક્ષણ, અદ્યતન પુસ્તકાલય સહિતની વિવિધ સેવાઓ ગ્રામજનોના સહિયારા સહકારથી પુરી પડાઈ છે.

સ્માર્ટ સ્કૂલ પ્રોજેક્ટ લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રાજ્ય શિક્ષણ મંત્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે ઉત્તમ શિક્ષણના માધ્યમથી જનમાનસનો વિકાસ શક્ય છે. જે.બી. શાહ પરિવાર દ્વારા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે આપેલ દાન થકી આજે છેવાડાના ગામને સ્માર્ટ સ્કૂલ અને અદ્યતન હોસ્પિટલનો લાભ મળ્યો છે. સમાજ, શ્રેષ્ઠીઓ અને સરકારના સમન્વય થકી ગામનો વિકાસ શક્ય છે જે વિઠોડામાં આ ત્રિવેણી સંગમના દર્શન થાય છે.

સ્માર્ટ સ્કૂલ લોકાર્પણ પ્રોજેક્ટના કાર્યક્રમમાં પ્રાથમિક શાળામાં આપેલ દાન માટે દાતાશ્રીઓનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત જે.બી. શાહ પરિવારના તમામ સભ્યોનું સન્માન ગ્રામજનો વતી કરાયુંહતુ. શાળાના સ્ટાફ દ્વારા સંભારણું અંકનું વિમોચન મંત્રીશ્રી તેમજ મહાનુભાવો દ્વારા કારયું હતું.



પાલનપુરમાં સ્થાનિક પત્રકારોના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા અને હકારાત્મક પત્રકારત્વથી સમાજની સાચી સેવા થઈ શકે છે. આ કાર્યક્રમમાં પાલનપુર નગરપાલિકા પ્રમુખ નીલમ જાનીને વિનોદ સદેશાએ અંબામાની પ્રતિમા ભેટ આપી હતી.

## વાંટડાની યુવતીને સાસરીયા દ્વારા ત્રાસ અપાતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગર તાલુકાના વાંટડા ગામની યુવતીને તલોદ તાલુકાના મોઢુકા ગામના પાંચ સાસરીયા દ્વારા લગ્નજીવન દરમિયાન ખોટો વહેમ રાખી શારીરિક અને માનસિક ત્રાસ અપાતા આ યુવતીએ શનિવારે પાંચ સાસરીયા વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વાંટડા ગામના મંજુલાબેન દોલતસિંહ પરમારના લગ્ન તલોદ તાલુકાના મોઢુકા ગામે કરાયા બાદ દિપસિંહ અરજણસિંહ ઝાલા, અરજણસિંહ ભુરસિંહ ઝાલા, કમલાબા ઝાલા, જાગૃતિબા ઝાલા અને રાજેન્દ્રસિંહ ઝાલા દ્વારા અવારનવાર ખોટો વહેમ રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપી ઝઘડો કરવામાં આવતો હતો. જેથી કંટાળીને મંજુલાબેને શનિવારે પાંચેય જણા વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## આજે હિંમતનગરમાં સન્માન સમારંભ યોજાશે

હિંમતનગર, તા. ૧૦

આર્કિટેક એન્ડ એન્જીનીયયર્સ ઓફ હિંમતનગર દ્વારા પાલિકાના નવનિયુક્ત પ્રમુખ નિલાબેન પટેલ, પાલિકાના સદસ્યો તથા નવનિયુક્ત જિલ્લા પ્રદેશ પ્રમુખ જે.ડી. પટેલને સન્માનવાનો સમારોહ સોમવારે સાંજે ૬ વાગ્યે તસીયા રોડ પર આવેલ પ્રસંગ પાર્ટીપ્લોટમાં યોજાશે. જેમાં સમારંભ પ્રમુખ તરીકે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, મુખ્ય મહેમાન તરીકે પૂર્વ ગૃહ મંત્રી પ્રફુલ પટેલ તથા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ હિંમતનગરના ચેમરેન દિલીપભાઈ ગાંધી ઉપસ્થિત રહેશે એમ એક યાદીમાં એસોસિએશનના પ્રમુખ સી.સી. શેઠ અને મનોજ પુરોહિતે જણાવ્યું છે.

## કડીયાદરામાં વીજ કરંટ લાગતા કિશોરનું મોત

હિંમતનગર, તા. ૧૦

ઈડર તાલુકાના કડીયાદરા ગામે રહેતા એક શ્રમજીવી પરિવારના કિશોરને રવિવારે સાંજના સુમારે પોતાના ઘરે જ અગમ્ય કારણોસર વીજ કરંટ લાગતા તેનું મોત નિપજ્યું હતું. જે અંગે ચોરીવાડ સામુહિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરે ઈડર પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. આ અંગે મેડીકલ ઓફીસર ડૉ. શૈલેષ પટેલના જણાવ્યા મુજબ કડીયાદરામાં રહેતા મહેશભાઈ બાબુભાઈ ચેનવા (ઉં.વ.૧૩)ને રવિવારે સાંજના સુમારે તેના ઘરે અચાનક વીજ કરંટ લાગ્યો હતો. જેના કારણે ઘરમાં હાજર રહેલ તેની બહેને બુમાબુમ કરતા આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. ત્યારબાદ મહેશને સારવાર માટે ૧૦૮ દ્વારા ચોરીવાડ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના ડૉ. શૈલેષભાઈ પટેલે મહેશને તપાસી મૃત જાહેર કર્યો હતો અને તરત જ ઈડર પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ઉલ્લેખનીય છે કે મૃતક મહેશ ચેનવા કડીયાદરા ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં ભણતો હતો.

## ભિલોડામાં ચેટીચાંદની ભવ્ય ઉજવણી

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં શ્રી ઝુલેલાલ મંદીરમાં ચેટીચાંદના ધાર્મિક તહેવારની ઉજવણીનો કાર્યક્રમ ભક્તિભાવપુર્વક યોજાયો હતો. શ્રી સીંધી નવયુવક મંડળ, ભિલોડાના હોદેદારો અને કારોબારી સભ્યોના જણાવ્યા મુજબ બાળકો ધ્વારા વિવિધ પ્રકારના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ભિલોડામાં શ્રી ઝુલેલાલ મંદીરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભાવિક ભક્તોએ ઝુલેલાલ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. શ્રી ઝુલેલાલ ભગવાનની શોભાયાત્રા ડી.જે.ના તાલે વાજતે-ગાજતે કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં આયો લાલ... ઝુલેલાલ...નો નારો શોભાયાત્રામાં ગુંજતો હતો.

# તલોદના તબીબ ‘શ્રેષ્ઠ તબીબ અધિકારી’ તરીકે સન્માનિત

તલોદ, તા. ૯

તાલુકામથક તલોદ ખાતેની રેફરલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. જતીન પટેલને ‘જિલ્લાના શ્રેષ્ઠ મેડિકલ ઓફિસર’ તરીકે સન્માનિત કરી પ્રમાણપત્ર અને એવોર્ડ આપીને જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને નવાજ્યા હતા.

તલોદ પંથકમાં ‘સિવલ હોસ્પિટલ’ તરીકે જાણીતી અને ડઝનબંધ ગામોના દરદીઓને દાક્તરી સેવા પુરી પાડતી સરકારી હોસ્પિટલમાં ડૉ. જતીન આર. પટેલ છેલ્લા પાંચેક વર્ષથી મે.ઓ. તરીકે ફરજ બજાવી રહ્યા છે. તાજેતરમાં તંત્ર તરફથી કરવામાં આવેલા પ્રેરણાદાયી મૂલ્યાંકનમાં ડૉ. જતીન પટેલની પ્રસૂતિ સંદર્ભની ઉમદા કામગીરી, પોસ્ટ પાર્ટમ (પ્રસૂતી બાદ કૉપર-ટી)ની કામગીરી તથા આયર્ન-સુક્રોઝની કામગીરી સહિતની સેવા ઉત્કૃષ્ટ જણાતાં તેઓને આમ સન્માનત કરવામાં આવેલ છે. આ પ્રસંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# કપડવંજમાં મોબાઈલ ચોરીના વહેમમાં શીખ યુવાનને માર માર્યો

નડિયાદ,તા.૧૦

ખેડા જિલ્લાના કપડવંજ શહેરમાં આવેલા ટાઉનહોલમાં એક ફર્નિચરના શો-રુમમાંથી એક શીખ યુવાને મોબાઈલ ચોર્યો હોવાનો વહેમ રાખીને તેને ત્રણ ઈસમોએ બસસ્ટેન્ડમાંથી ઝડપી પાડી ડંડાથી માર મારી ઓરડીમાં પુરી દઈને તેના માથાના વાળનું અર્ધ મુંડન કરવાની સાથે સાથે ધર્મની લાગણી દુભાવી ગડદાપાટુનો માર માર્યો હોવાની ફરિયાદ ત્રણ ઈસમો સામે કપડવંજ શહેર પોલીસ મથકે નોંધાઈ છે જેના આધારે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

કપડવંજ શહેરના ટાઉનહોલમાં હરિકૃપા ફર્નિચરનો શો-રુમ સેલ ખોલેલો હતો. આ સેલમાંથી હનુમાનસિંહ નામનો એક વ્યક્તિ મોબાઈલ ચોરી ગયો હોવાનો વહેમ રાખીને શો-રુમના સંચાલક મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ રહે.ભગવાનજીની મુવાડી તથા અંકિતભાઈ રોહિતભાઈ શર્મા રહે.રંગીલા પોળ, કપડવંજ તથા બીજા ત્રણેક ઈસમોએ ભેગા મળીને કપડવંજ બસસ્ટેન્ડમાંથી આ હનુમાનસિંહને ઝડપી પાડ્યો હતો. આ વ્યક્તિએ મોબાઈલ ચોર્યો ન હોવા છતાં પણ તેની પાસે બળજબરીથી ચોરી કરી હોવાની કબૂલાત કરવા માટે લાકડી અને ડંડાથી માર મારી તેને ઘસડી લાવીને ઓરડીમાં પુરી દીધો હતો. ત્યારબાદ પણ બેફામ બનેલા આ યુવકોએ તેના માથાની પાઘડીને છોડી નાખીને તેના માથાના વાળ કાપી નાખી અર્ધમુંડન કરી ધર્મની લાગણી દુભાવવાની સાથે સાથે ગડદાપાટુનો માર મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ હિંમતસિંહ પ્રધાનસિંહ દુધાણી (સરદાર) રહે.નદી દરવાજા, કટારીયા આરા, કપડવંજનાઓની ફરિયાદના આધારે પોલીસે ઉપરોક્ત બે ઈસમો સહિત અન્ય ત્રણ સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડા જિલ્લાના ૧૦ શહેર, ૧૦ તાલુકાના ભાજપના મહામંત્રીઓની નિમણૂંક

નડિયાદ,તા.૧૦

ખેડા જિલ્લા ભાજપ દ્વારા ૧૦ શહેર અને ૧૦ તાલુકાના મહામંત્રીઓની નિમણૂંક જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી છે. પ્રદેશ સાથે પરમાર્શ કર્યા બાદ આ પ્રકારની જાહેરાત થતાં સમગ્ર જિલ્લાના સંગઠનના માળખામાં અભૂતપુર્વ આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. નિમાયેલા મહામંત્રીઓને સૌએ શુભેચ્છા પાઠવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નિમાયેલા મહામંત્રીઓમાં નડિયાદ શહેરમાં શૈલેષભાઈ કે.પટેલ અને હિરેનભાઈ દેસાઈ, કણજરીમાં રાવજીભાઈ બારૈયા અને વિજયસિંહ રાણા, ચકલાસીમાં રણજીતભાઈ વાઘેલા અને સુરેશભાઈ વાઘેલા, ખેડામાં રાજુભાઈ દરજી અને દિવ્યેશભાઈ રાણા, મહેમદાવાદમાં અશેષભાઈ શાહ અને નિતીનભા પટેલ, મહુધામાં સત્યનારાયણભાઈ શાહ અને મનિષભાઈ પટેલ, કઠલાલમાં મફતભાઈ પરમાર અને અરવિંદભાઈ શર્મા, કપડવંજમાં આશિષભાઈ એ.શાહ અને સુરેશભાઈ એ.પારેખ , ઠાસરમાં મહેશભાઈ પરમાર અને દક્ષયભાઈ રમણભાઈ પટેલ, ડાકોરમાં અજયભાઈ પટેલ અને ભાવેશભાઈ ભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે તાલુકાના મહામંત્રીઓમાં નડિયાદ તાલુકામાં સોડપુરના પ્રભાતભાઈ ઝાલા અને પીપલગના રશ્મીભાઈ પી. પટેલ, માતર તાલુકામાં માતરના પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ અને ત્રાજના છગનભાઈ ભરવાડ, ખેડા તાલુકાના પાણાસોલીના ગુલાબસિંહ ચૌહાણ અને રસિકપુરાના જીગ્નેશભાઈ પટેલ, મહેમદાવાદ તાલુકામાં બાવરાના દિનેશભાઈ ડાભી અને કરોલીના પ્રતાપભાઈ પરમાર, મહુધા તાલુકામા કડીના નટુભાઈ સોઢા અને નાનીખડોલના સુનીલભાઈ પટેલ, કઠલાલ તાલુકામાં રતનપુરના લખનસિંહ ડાભી અને રવદાવતના જયદીપસિંહ આર રાઠોડ, કપડવંજ તાલુકામાં અલવાના ગણપતસિંહ રાઠોડ અને માલઈટાડીના રાજેશભાઈ પટેલ, ઠાસરા તાલુકામાં અજુપુરાના પ્રવીણભાઈ કે.પટેલ અને મીઠાપુરાના બળવંતસિંહ એલ.ચાવડા, વસો તાલુકામાં પીજના રાજુભાઈ પટેલ અને બામરોલીના ગીરીશભાઈ ચાવડા તથા ગળતેશ્વર તાલુકામાં વનોડાના વીનલ સી.પટેલ અને આનંદપુરાના ઈન્દ્રજીતસિંહ ચૌહાણની વરણી કરવામાં આવી છે. આ હોદ્દેદારોની નિમણૂંક થતાં સંગઠનના માળખામાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. આ મહામંત્રીઓને ખેડા જિલ્લા ભાજપના અગ્રણીઓ પંકજભાઈ દેસાઈ, ગોપાલભાઈ શાહ, અર્જુનસિંહ ચૌહાણ અને દિપકભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.



## આદિવાસી સમાજનું ગૌરવ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં સન્માન સમારંભ યોજાયો. ભારતીય આદિવાસી અધિકાર પંચ ધ્વારા આયોજીત સન્માન સમારોહમાં વિશ્વમાં સૌથી વધુ બુધ્ધીશાળી વ્યક્તિઓમાં પાર્થ કટારાનો દસમો ક્રમ અને ભારતમાં પ્રથમ ક્રમ મેળવી આદિવાસી સમાજનું ગૌરવ વધારતાં ભિલોડા-માંકરોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં સન્માન સમારંભ યોજાયો હતો. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા અને વિજયનગર તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે. સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના કણાદર ગામનો રહેવાસી, હાલ.રહે. ગાંધીનગર, પાર્થ લક્ષ્મણભાઈ કટારા ધોરણ.૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે. આઈ ક્યુ ટેસ્ટ પરીક્ષામાં ભારતમાં પ્રથમ ક્રમે અને વિશ્વમાં દસમો ક્રમ મેળવી આદિવાસી સમાજનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.